**જનસંપર્ક અધિકારી,**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૦૨/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૪ લીટર દેશી દારૂ, ૧૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૮૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૯ બિયર ટીન, ૧ ટ્રક અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૭૬/૨૦૨૫**

**નારણપુરાઃ** રવિભાઇ મહેશભાઇ ઝાલા (રહે. આશ્રેય નાઇન ફલેટ ખોડીયાર મંદિરની બાજુમાં જી.એસ.ટી. રેલવે ક્રોસીંગ રોડ ન્યુ.રાણીપ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૫ કલાક ૩/૦૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા શાસ્ત્રીનગર શોપીંગ સેન્ટર ખાતે આવેલ એક્સપ્રેસ કુરીયરની (બી.જી.બીસ લોજીસ્ટીક સોલ્યુશન પ્રા.લી.કંપનીમા) ઓફીસના દરવાજાનું તાળું ખોલી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ટેબલના ખાનામાંથી તિજોરીની ચાવી લઈ ચાવી વડે લોખંડની તિજોરી ખોલી પાર્સલ ડીલીવરીના રોકડ રૂપિયા ૨,૮૪,૧૨૯/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ધવલકુમાર અનિલભાઇ ચલાવે છે.

**બોડકદેવઃ (૧)** હેતલબહેન વા/ઓ નિગમભાઇ સથવારા (રહે. સાગર સંગીત હોમ્સ રત્નવિહાર બંગલોઝ પાસે સાયન્સ સીટી સોલા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું ઇન્ટરલોક તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, હાથની ઘડીયાળ નંગ-૨ તેમજ રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

**બોડકદેવઃ (૨)** સૌરવકુમાર વિરભણભાઇ ડોડીયા (રહે. ફલેટ નં-૩૦૨, રોમા ફલેટ ભાઇકાકાનગર થલતેજ) એ તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૫ રાતના ૧૧/૩૦ થી તા.૦૯/૦૨/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતેથી સૌરવકુમાર તથા તેમના ભાઈ અને મિત્રોના મળી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૫ કિમત રૂપિયા ૮૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

**સરખેજઃ** મોહસીનભાઈ સ/ઓ કરીમભાઈ મેમણ (રહે. હમ્માદ હોમ્સ, સફવાન પાર્ક–૨ ની અંદર, લોખંડવાલા પાર્ટી પ્લોટ પાસે ફતેવાડી સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૨/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૧૯/૦૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી તથા સોનાની લગડી કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૬,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૬૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ધુળીયા ચલાવે છે.

**<u>ચોરીઃ–</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૭/૨૦૨૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાજભાઈ અશોકભાઈ પટેલ (રહે. તુલસી વીલા શિવઆશીષ સ્કુલ પાસે બોપલ) તા.૧૯/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે તેમની માતા સાથે એસ.જી.હાઇ–વે ભાગવત ચાર રસ્તા પાસે લા–ફેસ્ટીવા નામની રેસ્ટોરન્ટમાં જમવા બેઠા હતા દરમ્યાન ખુરશી ઉપર મુકેલ રાજભાઈ પટેલના માતાનું લેડીઝ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રૂપિયા ૧,૮૭,૫૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ રાજભાઈ પટેલ એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ–</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૮/૨૦૨૫</u>**

**વસ્ત્રાપુરઃ** સનાથલ નવાપુરા ગામ નર્મદા કેનાલ રોડ ખાતે રહેતા સલેન્દ્રભાઇ સ/ઓ રવિન્દ્રસિંઘ સરવર (ઉ.વ.૧૯) (મુળ વતન. નગવાન પિલે, પોસ્ટ–બાઘરુ દુધી સોનભદ્ર ઉત્તરપ્રદેશ) તા.૨૦/૦૨/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર કેશવબાગ ચાર રસ્તા આર્યન ધ કેપીટલ સાઇટ ખાતે બીજા માળે પાઇપ ફિટ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જોઇતાભાઈ ચલાવે છે.

**સાબરમતીઃ** (૧) સાબરમતી ત્રાગડ એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ શિખર લેન્ડમાર્ક સાઇટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા સુભાષ અંબાલાલ મહિડા (ઉ.વ.૨૨) (મુળ વતન. ચિખલી તા–ગલીપાગોર જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૯/૦૨/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે શિખર લેન્ડમાર્ક સાઇટ ખાતે બ્લોક–ડી ના પાંચમા માળની બારીમાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિલવકુમાર રાજુભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** (૨) સાબરમતી હરજીવનના છપરાંની બાજુમાં નવી બનતી કન્સ્ટ્રકશન સાઇટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા તૌસિફ આલમ સ/ઓ જલાલુદ્દીન શેખ (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–લહઘરિયા થાના– બારસોઈ જી–કઠીયાર બિહાર) તા.૧૫/૦૨/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે મજુરી કામ કરતા હતા ત્યારે ઉપરના માળથી લાકડાનો ટુકડો તેઓના માથા ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિંજલબહેન વિજયકુમાર ચલાવે છે.

**વેજલપુરઃ** નિલર્સ ડો/ઓ સાબીરભાઇ સંધી (ઉ.વ.૨૦) (રહે. નુર એ ઈલાહી સોસાયટી વિશાલા હોટલ સામે બરફની ફેકટરી રોડ જુહપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** જશોદાનગર નવી વસાહત મેલડી પાન પાર્લરની ગલી પ્લોટ નંબર–૨૪૦ ખાતે ચંદુલાલ લુહારના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

**દાણીલીમડાઃ** મો.અરબી સ/ઓ વાજીદઅલી અંસારી (ઉ.વ.૧૮) (રહે. ફેસલનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે ઉદમાનગર મેમુના મસ્જીદ ગુલમહોર ગુડલક બેરલ માર્કેટ નજીક કપડા ઈસ્ત્રી કરવાનું કામ કરતા હતા ત્યા છતના પાઈપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ગામીત ચલાવે છે.

**નારોલઃ** વિકાસ કુલચંદ યાદવ (ઉ.વ.૨૨) (શ્રી રામ રેસીડેન્સી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૫ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે લીફ્ટની બાજુમા આવેલ ત્રીજા માળની ખુલ્લી જગ્યામાંથી નીચે પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી